મ.સ.યુનિવર્સિટી કોમર્સ ફેકલ્ટીની

મેઈન બિલ્ડીંગમાં વર્ગમાં વધુ વિદ્યાર્થીઓની હાજરીથી પ્રાધ્યાપક નારાજ : વિરોધ પ્રદર્શન

વડોદરા, તા.૧૭

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટી મેઈન બિલ્ડીંગમાં વર્ગ સંખ્યા કરતા વધુ વિદ્યાર્થીઓના વેગ લેવાનો પ્રાધ્યાપકે ના પાડી દેતા વિદ્યાર્થીઓ દ્વારા ભારે હોબાળો કરવામાં આવ્યો હતો. યુનિવર્સિટી વહીવટીતંત્રની યોગ્ય સુવિધા ઉપલબ્ધ નથી થતા વિદ્યાર્થીઓએ ભારે સુત્રોચ્ચાર પોકારી વિરોધ નોંધાવ્યો હતો. પુર્વ યુનિવર્સિટી જીએસ વજ પટેલ તતા અન્ય વિદ્યાર્થીઓ અગ્રણીઓ લડતમાં જોડાયા હતા.

બીજી બાજુ વિદ્યાર્થી અગ્રણીઓ અને વિદ્યાર્થીઓએ માંગ જારી રાખવા સાથે લડતના મંડાણ કર્યા છે. કોમર્સ ફેકલ્ટીમાં અલગ અલગ યુનિ. ગર્લ્સ પાદરા કોલેજમાં વિદ્યાર્થીઓને પ્રવચા આપવામાં આવ્યો છે. નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયા પચી પાદરા યુનિટ અથવા તો ગર્લ્સ કોલેજની વિદ્યાર્થીનીઓ અને વિદ્યાર્થીઓ મેઈન બિલ્ડીંગ ખાતે વર્ગોમાં હાજરી આપવા આવી પહોંચે છે એકજ વર્ગમાં બેશવાની ક્ષમતા કરતા વધુ વિદ્યાર્થીઓ આવી પહોંચતા વિદ્યાર્થીઓએ ઘોંઘાટ કર્યો હતો. આથી પ્રાધ્યાપકે શાંતિના વાતાવરણ વર્ગ લેવાતું કહી તેઓ રવાના થયા હતા.

વિદ્યાર્થીઓએ વિદ્યાર્થીનીઓએ ઉગ્ર રજુઆત કરતા શોરબકોર થયો હતો પુર્વ વિદ્યાર્થી અગ્રણી વ્રજ પટેલ તથા એનએ.યુઆઈની અન્ય વિદ્યાર્થી અગ્રણીઓ લડતમાં જોડાયા હતા. ફેકલ્ટી સંકુલમાં જ વિદ્યાર્થીનીઓ અને વિદ્યાર્થીઓએ ભારે સુત્રોચ્ચાર પોકારી વિરોધ નોંધાયો હતો. એકજ સ્થળે ક્ષમતા કરતા વધુ વિદ્યાર્થીઓને વર્ગમાં બેસાડી શકાય નહી અને જે સ્થળે વિદ્યાર્થીને પ્રવેશ મળ્યો હોય તે સ્થળે વિદ્યાર્થી ભણવા જાય છે.

અંદાજે રૂા.૩૫ લાખનો ખર્ચ થશે

આજવા સરોવરની સફાઈ કરાવવા પાલિકા વાર્ષિક ઈજારો આપશે

વડોદરા, તા.૧૭

પાલિકા હસત્કના આજવા ખાતે સયાજી સરોવરની સફાઈ કરવાના કામે રૂા.૪૦ લાખની નાણાંકીય મર્યાદામાં કામગીરી કરાવવા ઈજારદારોના નેટ અંદાજે રૂા.૪૦ લાખથી ૧૨ ટકા ઓછા રૂા.૩૫,૨૦,૦૦૦ના ભાવપત્રને સ્થાયી સમિતિ સમક્ષ રજુ કરી મંજુરી મેળવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

પાલિકાના આજવા સબ-ડીવીઝ હસ્તક આજવા ખાતે સયાજી સરોવર આવેલ છે. સયાજી સરોવર ખાતે ઉપરવાસમાં થતા વરસાદના પાણીને સંગ્રહ કરવામાં આવે છે. અને શહેરની કુલ વસ્તીના અંદાજીત ૩૫ ટકા નાગરીકોને પીવાનું પાણી પુરી પાડવામાં આવે છે. સરોવરમાં ઉપવાસમાંથી સેવાળ, ઘાસ કમળ, કાકડી વેલા તથા નવસ્પતિ તરીકે ઈનટેક-વેલ તતા પાળા તરફ આવે છે અગાઉ સફાઈ કરવાનું કામ આજવા સબ ડીવીઝન કર્મચારીઓ પાસે કરાવવામાં આવ્યું હતું.પરંતુ તે વખતે ફલોટીંગ વનસ્પતિનું પ્રમાણ ખુબજ ઓછુ હતુ. હાલ મેઈન્ટેનન્સના કામે ડેમ ખાતે મહેકમની ખુબજ ઘટ હોઈ સરોવર સફાઈ માટે વાર્ષિક ઈજારો કરવા માટે ડ્રેનેજ પ્રોજેક્ટ હસ્તાકના પુર્વ પુર્વઝોનના વોટર બોડી તળાવ સફાઈ, કાંસ વિગેરે સફાઈના ભાવો લઈ યુનિટ રેટથી વાર્ષિક ઈજારો કરવા માટે રૂા.૪૦ લાખના અંદાજને સૈધ્ધાતિક મંજુરી આપવાના ત્રણ પ્રયત્નો કરતા માત્ર એકજ ઈજારદારનું કામ પુર્ણ થયું હતું.આજવા ખાતે સયાજી સરોવરની સફાઈ કરવાના કામે રૂા.૪૦ લાખની નાણાંકીય મર્યાદામાં કામગીરી કરાવવા ૧૨ ટકા ઓછા રૂા.૩૫,૨૦,૦૦૦નો બિન શર્તિય યુનિટ રેટ ભાવપત્રને સ્થાયી સમિતિ સમક્ષ કરવામાં આવ્યું હતું.

ટીબી નિયંત્રણનું લક્ષ્યાંક હાંસલ કરવા ઓહેનનીના સુચનો

અમદાવાદ, તા.૧૭

ઓકયુપેશનલ એન્ડ એન્વાયર્નમેન્ટલ હેલ્થ નેટવર્ક ઈન્ડીયા દ્વારા દેશના આરોગ્ય મંત્રીને લખેલા એક પત્રમાં ટીબી નાબુદી અંગે મહત્વના સુચનો કરવામાં આવ્યા છે. ભારત સરકારે ટીબી નાબુદી માટે એક રાષ્ટ્રીય યોજના ઘડી કાઢી છે. અને તેના અનુસંધાનમાં સુધારેલા રાષ્ટ્રીય ટીબી નિયંત્રણ કાર્યક્રમ હેઠળ કેટલીક નીતીઓ અમલમાં મુકી છે.

ટીબી નાબુદી માટેની ભારત સરકારની રાષ્ટ્રીય યોજનાએ ખાણીયા અને પથ્થર તોડનારા કામદારો પરના જોખમની નોંધ લીધી છે. અને આ કામદારોને ટીબી છે કે કેમ તે શોધવાના કામમાં અગ્રતા અપાઈ છે. પરંતુ તેમાં સીલીકાના સંપર્કમાં આવતા કામદારો વીશે કોઈ ઉલ્લેખ નથી અને આ કામદારોમાં ટીબી થતો અટકાવવા શા પગલા લેવાશે તે અંગે કોઈ વાત નથી. અસંગઠીત ક્ષેત્રના કામદારો વધુ પ્રમાણમાં સીલીકાની ધુળના સંપર્કમાં આવતા હોય છે અને તેઓની આરોગ્ય સેવા સુધીની પહોંચ મર્યાદીત હોય છે તે કારણે આ જુથ પર વધુ ધ્યાન આપવું જરૂરી છે.

ગત નવેમ્બરમાં ટીબી પર ચર્ચ કરવા મળેલ યુનોની ઉચ્ચ સ્તરીય બેઠકના જાહેરનામા મુજબ સભ્ય દેશોએ 'ટીબી થવાનું ઉંચુ જોખમ ધરાવતા વ્યવસાયોમાં ટીબી થતો અટકાવવા ખાણ, બાંધકામ અને અન્ય ધુળીયા વ્યવસાયોમાં સીલીકાના સંપર્કનું પ્રમાણ ઘટાડીને કરવું' આવા કામદારોમાં ટીબી અટકાવવાના પ્રયાસોમાં તાલીમ અને સીલીકા ધુળ નિયંત્રણને અમલમાં મુકવાના કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ.

શામળાજીમાં શ્રદ્ધાળુઓની ભીડનો લાભ લઈ ચોરી કરવા આવેલી મહિલા ટોળકી ઝડપાઈ

અરવલ્લી,તા. ૧૭

અરવલ્લી જીલ્લા ની ગિરિમાળાઓ ઓ માં આવેલું સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી માં પૂનમના દિવસે હજ્જારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ દૂર દૂર થી ભગવાન કાળીયા ઠાકોરના દર્શનાર્થે ઉમટે છે ત્યારે ગુરુ પૂર્ણિમાનું હિન્દૂ સંસ્કૃતિમાં વિશિષ્ઠ મહત્વ હોવાથી દર વર્ષે હજ્જારોની સંખ્યામાં શામળાજી મંદિરે ભક્તોનું ઘોડાપુર ઉમટે છે. ભક્તોની ભીડનો લાભ ઉઠાવવા રાજસ્થાનના ઉદેપુરની નાથ અને કાલબેલિયા ગેંગની મહિલાઓની જુદી-જુદી ટીમોએ ત્રાટકી બે મહિલાના ગળા માંથી દોરા તોડવામાં સફળ રહેલી મહિલા ગેંગના સભ્યો વધુ મહિલાઓને શિકાર બનાવે તે પહેલા ૩ મહિલાઓ ભક્તોના હાથમાં ઝડપાઈ જતા ભારે હોહા મચી હતી. જોકે આ દરમિયાન પોલીસ મહિલા પોલીસ સાથે આવી પહોંચતા તેમમે આ મહિલાઓને લોકોના હાથમાંથી છોડાવી કાયદેસરની કાર્યવાહી માટે પોલીસ સ્ટેશન ખસેડી હતી.ગેંગની અન્ય મહિલાઓ ભાગી છૂટવામાં સફળ રહેતા ગેંગનો ભોગ બનેલી બે ભક્ત મહિલાઓની ફરિયાદના આધારે શામળાજી પોલીસે ૩ મહિલાઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથધરી અછોડા તોડ ગેંગની મહિલાઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

કાર વિદેશી શરાબના જથ્થા સાથે બુટલેગરની ધરપકડ

વડોદરા, તા.૧૭

મકાનમાંથી વિદેશી શરાબના જથ્થાની હેરાફેરીના નેટવર્કનો પર્દાફાશ કરવામાં પોલીસને સફળતા સાંપડી હતી. પોલીસે કાર વિદેશી શરાબનો જથ્થો મોબાઈલ ફોન રોકડ સહીત અંદાજે રૂપિયા ૩.૭૯ લાખનો મુદ્દામાલ કબ્જે લીધો હતો.

લક્ષ્મીપુરા પોલીસે કેતન મિસ્ત્રીની ધરપકડ કરી હતી. લક્ષ્મીપુરા પોલીસ મથકના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર કે.એ.ગોહીલ તથા સ્ટાફના પોલીસમેનો રાત્રીના સમયે પેટ્રોલીંગમાં નીકળ્યા હતા. દરમ્યાન બાતમી મળીતી. સમતા પાલીસ ચોકી પાસે સૌરભપાર્ક સોસાયટીમાં મિસ્ત્રી વિદેશી શરાબની હેરાફેરીનો ધંધો કરે છે. પોલીસે મકાનમાં દરોડો પાડી તલાશી લેતા વિદેશી શરાબનો જથ્થો મળી આવ્યો હતા.

પોલીસે કાર વિદેશી શણાબનો જથ્થો મોબાઈલ ફોન સહિત અંદાજે રૂપિયા ૩.૭૯ લાખનો મુદ્દામાલ કબ્જે લીધો હતો. લક્ષ્મીપુરા પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદના આધારે પોલીસે બુટલેગરની ધરપકડ કરી હતી.

મરણ પ્રસંગમાં ગયેલા પરિવારના મકાનને નિશાન બનાવતી તસ્કર ટોળકી

વડોદરા, તા.૧૭

વાઘોડીયા રો કલાદર્શન ચાર રસ્તા પાસે નાલંદા સોસાયટીમાં રહેતા આશિષ રાઠવાના બંધ મકાનને નિશાન બનાવી ત્રાટકેલી તસ્કર ટોળકી સોના ચાંદીના સહિત અંદાજે રૂપિયા એક લાખની માલમત્તા ચોરી લઈ રવાના થઈ હોવાનો બનાવ પાણીગેટ પોલીસ મથકે નોંધાયો હતો.

પાલીસ વર્તુળો દ્વારા પામ માહિતીનુસાર વાઘોડીયા રોડ કલાદર્શન ચાર રસ્તા પાસે નાલંદા સોસાયટીમાં રહેતા આશિષ રાજલભાઈ રાઠવા ક્વાંટ ડુમસવાળા ખાતે સંબંધીને ત્યાં મરણ પ્રસંગમાં હાજરી આપવા ગયા હતા. દરમિયાન બંધ મકાનને નિશાન બનાવી ત્રાટકેલી તસ્કર ટોળકી મુખ્ય દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશી હતી. પ્રથમ રૂમની તિજોરીનું તાળુ તોડી તેમાંથી સોનાની ચેઈન સોનાની બુટ્ટી સોનાની વીંટી ચાંદીના છડા ચાંદીના સીકકા સહીત અંદાજે રૂપિયા એક લાખની માલમત્તા ચોરી લઈ તસ્કર ટોળકી રવાના થઈ હતી. પાણીગેટ પોલીસ મથકે ચોરીના બનાવ અંગે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

પાલિકા ઈજારદાર સામે આર્બીટ્રેશનનો કેસ હારી જતા રૂા.૨ કરોડ ચૂકવવા પડશે

વડોદરા, તા.૧૭

શાંકુલ ચાર રસ્તાથી ઉમા ચાર રસ્તાથી મહાવીર હોલ ચાર રસ્તા સુધી ડ્રેનેજ ગ્રેવીટી લાઈન નાંખવાના કામ અર્થે ઈજારદારે ક્રેલ આર્બીટ્રેશન અન્વયે એવોર્ડ થયેલ રૂા. ૨,૬૩,૮૦,૦૬૩-૫૬ (તા.૧૫-૦૩-૨૦૧૯ સુધીના વ્યાજ સહિત)ની રકમ સામે સમાધાન અર્થે રૂા.૨,૦૦,૦૦૦ નું ચૂકવણું કરવા મંજુરી આપતી દરખાસ્ત સ્થાયી સમિતિમાં રજુ કરવામાં આવી છે.શાંકુતલ ચાર રસ્તાથી ઉમા ચાર રસ્તાથી મહાવીર હોલ ચાર રસ્તા સુધી ડ્રેનેજ ગ્રેવીટી લાઈન નાંખવાનું કામ ઈજારદા એચ.પી.ઝાલાને તા.૧૯-૦૧-૨૦૧૦ના રોજ વર્ક ઓર્ડર મુજબ કામની મુદ્દત ૯ (નવ) માસ અને કામ પૂર્ણ કરવાની તા.૨૦/૧૦/૨૦૧૦ હતી. કામગીરીના ઉપલબ્ધ રેકર્ડ અનુસાર ઈજારદાર એચ.પી.ઝાલા દ્વારા કામ સ્થળે ૨૩-૦૧-૨૦૧૦ના રોજ શરૂ કરવામાં આવેલ હતું. ઈજારદાર અને પાલિકા વચ્ચે તા.૨૦-૩-૨૦૧૦ના રોજ કરાર તા.૨૦-૩-૨૦૧૦ના રોજ કરાર કરવામાં આવેલ હતો. જે કામ સ્થળે ઈજારદાર દ્વારા તા.૬/૬/૨૦૧૨ના રોજ પૂર્ણ કરવામાં આવેલ છે. આમ વર્ક ઓર્ડર મુજબ કામ પુરુ તા.૨૦-૧૦-૨૦૧૦ના રોજ કરવાને બદલે સ્થળે કામ પૂર્ણ તા.૬-૬-૨૦૧૨ના રોજ થયેલ છે.ઈજારદાર દ્વારા ક્રેલ કલેઈમની કુલ રકમ રૂા.૫,૭૧,૬૪,૫૩૦,૪૧ના બદલે આર્બીટ્રેટર દ્વારા થયેલ ઓર્ડર/એવોર્ડ મુજબ ઈજારદારને તા.૧૫-૦૩-૨૦૧૯ સુધી ૧૨ ટકા સાદુ વ્યાજ તેમજ રૂા.૧૮.૭૫ ટકા ચક્રવૃધ્ધિ વ્યાજ સહિત ચૂકવવાની થતી રકમ રૂા.૨,૬૩,૮૦,૦૬૩-૫૬ થાય છે. આર્બીટ્રેટર દ્વારા ક્રેલ ઓર્ડર બાબતે અત્રેના લીગલ એડવાઈઝરના અભિપ્રાય મંગાવતા લીગલ એડવાઈઝર દ્વારા સેકશન-૩૪ મુજબ અપીલ કરવા તથા વ્યાજની રકમનો બોજો ખુબ મોટો આવે તેમ છે તે સંજોગોમાં ઈજારદારને સમાધાન કરવા જાણ ક્રેલ હતી. જે બાદ પાલિકાના અધિકારીઓ અને ઈજારદાર વચ્ચે યોજાયેલી બેઠકમાં આર્બીટિટર વચ્ચે યોજાયેલી બેઠકમાં આર્બીટિટર દ્વારા કરાયેલ ઓર્ડર અન્વયે ઈજારદારને રૂા.૨ કરોડ ચૂકવવા ઓફર કરાઈ હતી. જેને ઈજારદાર સ્વિકારી લીધી હતી જે ખર્ચ અંગેની દરખાસ્ત સ્થાયી સમિતિમાં રજુ કરવામાં આવી છે.

કવાંટ તાલુકામાં ઈન્જેકશન એફ. સી. એમ. પ્રોજેક્ટથી સગર્ભાઓને પાંડુરોગમાંથી મળી મુક્તિ

સગર્ભા માતાઓને નિશુલ્ક ચેકઅપ કરતા તબીબો તસ્વીરમાં જોઈ શકાયછે .(તસ્વીર - ઝાકીર અંધી , છોટાઉદેપુર)

છોટાઉદેપુર, તા.૧૭

છોટાઉદેપુરના કવાંટ તાલુકામાં માતા મૃત્યુ દર અને બાળ મૃત્યુ દર વધુ જોવા મળતો હતો. તેના પર નિયત્રંણ લાવવા માટે આરોગ્ય શાખા, જિલ્લા પંચાયત,છોટાઉદેપુરે કમરકસી છે. કવાંટ તાલુકામાં ૦૭થીઓછુ હિમોગ્લોબિનનુ સ્તર ધરાવતી તેવી સગર્ભાઓને ફેરિક કાર્બોકસીમાલટોઝનું ઈન્જેકશન આપવાંમાં આવે છે. જે માત્ર એક ઈન્જેક્શન આપવાથી સગર્ભાઓનું હિમોગ્લોબિન સામાન્ય થઈ જાય છે. મહત્વનુ છે કે, બજારમાં આ ઈન્જેક્શનની કિંમત રૂ.૨૦૦૦/- છે. પરંતુ જિલ્લાની ટ્રાયબલ સબ પ્લાનની ગ્રાંટમાંથી સહયોગ મળતા આ ઈન્જેકશન સગર્ભાઓને વિનામૂલ્યે આપવામાં આવે છે.

ઈન્જેક્શન એફ.સી.એમ. પ્રોજેક્ટ અંગે અધિક જિલ્લા આરોગ્ય અધિકારી કે.આર. સોની કહે છે કે, આપણે જેને પાંડુરોગ અથવા એનેમિયા કહીએ છીએ તેનું પ્રમાણ છોટાઉદેપુરના કવાંટ તાલુકામાં ખાસ કરીને સગર્ભાઓમાં વધુ જોવા મળતું હતુ. જેના માટે ઈન્જેક્શન એફ.સી.એમ. પ્રોજેક્ટ અમે વહેલો શરૂ કરવા માંગતા હતા પરંતુ આર્થિક રીતે થોડી સમસ્યા હતી પણ ટ્રાયબલ સબ પ્લાનની ગ્રાંટ મળતા આ સમસ્યા હલ થઈ હતી.

વધુમાં સોનીએ જણાવ્યુ કે.અનેમિયાથી પીડિત સગર્ભાઓ ફેરિક કાર્બોકસીમાલટોઝ(એફ.સી.એમ)નું ઈન્જેકશન આપવાથી ઝડપથી પરિણામ મળે છે. આ ઈન્જેકશન જે સગર્ભાઓનું હિમોગ્લોબિનનુ સ્તર ૦૭થી નીચે હોય તેઓને આપવામાં આવે છે અને માત્ર એક જ વખત આપવાથી સગર્ભાઓનુ હિમોગ્લોબિનનુ સ્તર સામાન્ય એટલે કે ૧૧થી વધારે થઈ જાય છે. તેમજ માતાઓને લોહી ચડાવાની જે ફરજ પડતી હતી. તેમાંથી આ પ્રોજેક્ટના કારણે મુક્તિ મળી છે. કવાંટ તાલુકામાં ઈન્જેક્શન એફ.સી.એમ. પ્રોજેક્ટથી માતા મૃત્યુ દર અને બાળ મૃત્ય દરમાં ઘટાડો થશે. જેથી તાલુકાના માનવ વિકાસ સુચકઆંકમાં પણ સુધારો થશે.

વડોદરા શહેરમાં સભા સરઘસબંધી

વડોદરા તા. ૧૭

વડોદરા શહેરમાં હાલની પરિસ્થિતિમાં આગામી દિવસોમાં ગૌરીવ્રત, દશામા, શ્રાવણ માસ, બકરી ઇદ, ૧૫મી ઓગસ્ટ, રક્ષાબંધન, પતેતી તેમજ જુદી-જુદી શોભાયાત્રાઓને ધ્યાનમાં રાખી શહેર પોલીસ કમિશનરએ કાયદો વ્યવસ્થા અને શાંતિ સલામતીની જાળવણી માટે કાયદાની જોગવાઇઓ અનુસાર એક જાહેરનામુ બહાર પાડ્યુ છે. તેના દ્વારા તેમની હકુમત હેઠળ સમગ્ર વિસ્તારમાં તાત્કાલિક અસરથી તા.૧૯/૦૮/૨૦૧૯ સુધી ચાર કરતા વધુ માણસોના ભેગા થવા, સભા બોલાવવા કે સરઘસ કાઢવાની મનાઇ ફરમાવી છે. તેનું ઉલ્લંઘન કાયદેસરથી કાર્યવાહીને પાત્ર ઠરશે.

પંજાબ નેશનલ બેંક punjab national bank

શાખા ઓફીસ : ફતેહગંજ, વડોદરા
ઈ-મેઈલ : bo3405@pnb.co.in, 0265-2791432

કબજા નોટીસ

આથી, પંજાબ નેશનલ બેંક ના નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિકયોરીટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ તથા કલમ ૧૩ ઠેઠળ મળેલી સત્તા સાથે વંચાણે લેતાં સિકયોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ અંતર્ગત તા. ૨૯.૦૮.૨૦૧૬ ના રોજ બાકીદારો/જામીનદાર/ગીરવેદાર મે. શૈલેશ કુમાર વી. દરજી અને શ્રી મીતેશ વસંતલાલ દરજી ને માંગણા નોટીસ જારી કરીને બાકી રકમ રૂા. ૮,૪૩,૧૬૮/- (રૂા. આઠ લાખ તોતેર હજાર એકસો અડસઠ પુરા) તા. ૩૧.૦૩.૨૦૧૬ ના રોજ, વડત વ્યાજ વટા અન્ય ખર્ચા સહિત નોટીસ તારીખ/નોટીસ મળ્યાથી ૬૦ દિવસોની અંદર ભરવા જણાવેલ હતું.

બાકીદારો/જામીનદાર/ગીરવેદાર ઉપરોક્ત રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી બાકીદારો /જામીનદાર/ગીરવેદાર અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે સદરહુ કાયદા ની કલમ ૧૩ (૪) ઠેઠળ મળેલ સત્તાની રૂએ ઉક્ત નિયમોના નિયમ ૮ સહિત વંચાણે લેતા તા.૧૧.૦૭.૨૦૧૯ ના રોજ અધોહસ્તાક્ષરીએ નીચે જણાવેલ મિલકતનો કબ્જો લઈ લીધેલ છે.

બાકીદારો/જામીનદાર/ગીરવેદારને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલકત અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે. સદરહુ સ્થાવી મિલકત અંગે કરેલો કોઈપણ વ્યવહાર પંજાબ નેશનલ બેંક ની રકમ રૂા. ૮,૪૩,૧૬૮/- (રૂા. આઠ લાખ તોતેર હજાર એકસો અડસઠ પુરા) તા. ૩૧.૦૩.૨૦૧૬ ના રોજ, રકમ સંપૂર્ણ ભરપાઈ થાય ત્યાં સુધી વ્યાજ અને અન્ય ખર્ચા સાથેના બોજાને આધીન રહેશે.

સરફેસી કાયદાની કલમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ પ્રત્યે ઉદારકર્તાનું મુકરર મિલકત છોડાવવા માટે મળવા પાત્ર સમય બાબતે ધ્યાન દોરવામાં આવે છે.

સ્થાવર મિલકતનું વર્ણન

શ્રી શૈલેશકુમાર વી. દરજી ની સ્વહેતાના સાવક મિલકત ડી/૬૦, પુનમ પાર્ક સોસાયટી, પુનમ કોમ્પલેક્સની પાછળ, વાઘોડીયા રોડ, રેવન્યુ સર્વે નં. ૪૪૫, એફ.પી. નં. ૬૬૪, ૬૬૫, અને ૩૫૪, ટી.પી.એસ. નં. ૩ ગામ મોજે ઇતેજર, તાલુકો અને જીલ્લો : વડોદરા ખાતે આવેલ સમગ્ર મિલકતની ચતુરસીમા નીચ છે. પૂર્વે : ૭.૫ મીટર રોડ, પશ્ચિમે : બ્લોક નં. ઈ/૬૪, ઉત્તરે : બ્લોક નં. ડી/૬૦, દક્ષીણે : બ્લોક નં. ડી/૭૦.

સ્થળ : વડોદરા, તારીખ : ૧૧.૦૭.૨૦૧૯ અધિકૃત અધિકારી (પંજાબ નેશનલ બેંક)

પશ્ચિમ રેલવે

નાયર કેમ્પસ ખાતે અતિથિ હસ્ટેલનું બાંધકામ

ડી. ચિફ એન્જિનિયર (કન્સ્ટ્રક્શન) II , વેસ્ટર્ન રેલવે, પ્રતાપનગર, વડોદરા -૩૯૦૦૦૪, નીચે આપેલી વિગતો મુજબ ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે: ટેન્ડર નંબર: ડી. સીઈ-સી / II / બીઆરસી / એનઆરટીઆઈ / ૦૩ (આર ૨). નામ કાર્ય: એનએઆઈઆર કેમ્પસ, અતિથિ છાત્રાલયના ત્રીજા અને ચોથા માળનું કન્સ્ટ્રકશન, પ્રતાપનગર - વડોદરા અનુકૂળ ખર્ચ કાર્ય: રૂ. ૫૫૬.૪૧ લાખ બાઈડિંગ માટે ઑનલાઇન ટેન્ડરની પ્રાપ્યતા: ૨૫.૦૭.૨૦૧૯ થી ૧૦.૦૦ વાગ્યા સુધી. થી: ૦૯.૦૮.૨૦૧૯ સુધી ૧૫.૦૦ કલાકે. ઉદઘાટન અને સમયની તારીખ: ૦૯.૦૮.૨૦૧૯ સુધી ૧૫.૩૦ કલાકે. વિગતવાર ટેન્ડર શરતોને ફરીથી ગોઠવવું, કૃપા કરીને www.ierps.gov.in ની મુલાકાત લો. મેન્યુઅલ ઓફ ફીર્સ ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

Like us on : facebook.com/WesternRly 15

SHILCHAR

સિલ્ચર ટેકનોલોજીસ લિમિટેડ

રજી. કચેરી : બીલ રોડ, બીલ-૩૯૧૪૧૦, જિ.વડોદરા, ગુજરાત
ફર્કસ : મુવાલ સબ-સ્ટેશન પાસે, પાદરા જંબુસર હાઈવે, ગવાસાડ,
વડોદરા-૩૯૧૪૩૦ ઇમેઈલ : info@shilchar.com, વેબસાઇટ : www.shilchar.com
ફોન નં. : (0265) 268 0466, 268 0566 ફેક્સ નં. : (0265) 268 0611
સીઆઈએન : L29308GJ1986PLC008387

૩૩મી વાર્ષિક સાધારણ સભાના આયોજન અને મતદાન અંગે સૂચના

આથી સૂચના આપવામાં આવે છે કે સિલ્ચર ટેકનોલોજીસ લિમિટેડની ૩૩મી વાર્ષિક સાધારણ સભા શનિવાર, તા.૧૦મી ઑગસ્ટ, ૨૦૧૯ના રોજ સવારના ૧૦:૦૦ વાગે બીલ રોડ, બીલ-૩૯૧૪૧૦, જિ. વડોદરા ખાતે કંપનીની રજીસ્ટર્ડ કચેરીમાં મળશે જેમાં એ. જી. એમ. ની નોટીસમાં જણાવ્યાં પ્રમાણેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આથી એ પણ જણાવવામાં આવે છે કે કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની કલમ-૯૧ અને તેના હેઠળના નિયમો તેમજ રેગ્યુલેશન ૪૨ ઓફ સેબી (લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રીકવાયર્મેંટસ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ની જોગવાઈઓ પ્રમાણે કંપનીનું રજીસ્ટર ઓફ મેમ્બર્સ અને શેર ટ્રાન્સફર બુકસ શનિવાર તા.૦૩.૦૮.૨૦૧૯થી શનિવાર તા.૧૦.૦૮.૨૦૧૯ સુધી (બંને દિવસો સહિત) બંધ રહેશે જેનો આશય જો એ. જી. એમ. માં જાહેરાત કરવાની થાય તો તા.૩૧મી માર્ચ, ૨૦૧૯ના રોજ પૂરા થયેલા નાણાંકીય વર્ષમાં ડિવિડન્ડ મેળવવાને પાત્ર ઈક્વીટી શેર ધારક સદસ્યોના નામો નિર્ધારીત કરવાનો છે.

૩૩મી એ. જી. એમ. ની નોટીસ અને નાણાંકીય વર્ષ ૨૦૧૮-૨૦૧૯ માટેનો વાર્ષિક અહેવાલ એવા તમામ શેરધારકોને ઇલેક્ટ્રોનીક નકલોમાં મોકલવામાં આવ્યો છે જેમના ઇમેઇલ આઇડી કંપનીના રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ/ડિપોઝીટરી પાર્ટીસીપન્ટસ મે/સ એમસીએસ શેર ટ્રાન્સફર એજન્ટ લિમિટેડ સાથે નોંધાયેલ છે. નોટીસ અને એનુઅલ રીપોર્ટની ભૌતિક નકલો યોગ્ય માધ્યમથી અન્ય તમામ શેરધારકોને તેમના રજીસ્ટર્ડ સરનામે મોકલી આપવામાં આવ્યાં છે. કંપનીની વેબસાઇટ www.shilchar.com. પર ઉપર જણાવેલ દસ્તાવેજો ઉપલબ્ધ છે.

સેબી (લિસ્ટીંગ ઓબ્લીગેશન એન્ડ ડિસ્કલોઝર રીકવાયર્મેંટ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ અને કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની કલમ ૧૦૮ના કંપનીઝ (મેનેજમેંટ એન્ડ એડમીનીસ્ટ્રેશન) રૂલ્સ, ૨૦૧૪ના નિયમ સાથેના સહ વંચાણથી નીયમની જોગવાઇઓને અનુસરીને કંપની વાર્ષિક સાધારણ સભાની સૂચનામાં જણાવેલા તમામ ઠરાવો પર મતદાન માટે ઈ-વોટીંગની સુવિધા આપવા દરખાસ્ત કરે છે. કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની જોગવાઇઓ અનુસારની વિગતો અને નિયમો નીચે જણાવ્યા પ્રમાણે છે.

(અ) એ.જી.એમ. ની નોટીસમાં જણાવ્યા પ્રમાણેની તમામ કાર્યવાહી ઇલેક્ટ્રોનીક માધ્યમથી થઈ શકશે.

(બ) ઈ-વોટીંગ શરૂ થવાનો સમય અને તારીખ : બુધવાર, તા.૦૭.૦૮.૨૦૧૯ના રોજ સવારના ૧૦:૦૦ વાગે.

(ક) ઈ-વોટીંગ પૂરું થવાનો સમય અને તારીખ : શુક્રવાર, તા.૦૯.૦૮.૨૦૧૯ના રોજ સાંજના ૫:૦૦ વાગે.

(ડ) કટ ઓફ ડેટ : તા.૦૩.૦૮.૨૦૧૯

(ઈ) એવી કોઈપણ વ્યક્તિ, એજીએમની સૂચના ની સ્વાનગી બાદ કંપનીના શેર્સ સંપ્રાપ્ત કરે છે અને કટ ઓફ ડેટ : શનિવાર, તા.૩જી ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ કંપનીના શેર ધારણ કરે છે, તેઓ helpdesk.evoting@cdslindia.com ને રીકવેસ્ટ પાઠવી લોગીન આઈડી અને પાસવર્ડ મેળવી શકશે.
તેમછતાં, જો આવી વ્યક્તિ ઈ-વોટીંગ માટે સીડીએલએસમાં નોંધાયેલી જ હોય તો, તેઓ પ્રવર્તમાન યુઝર આઈડી અને પાસવર્ડનો મતદાન માટે ઉપયોગ કરી શકશે.

(ફ) સદસ્યોને એવી જાણ પણ કરવામાં આવે છે કે
૧. શુક્રવાર, તા.૦૯.૦૮.૨૦૧૯ની સાંજના ૫:૦૦ વાગ્યા પછી ઈ-વોટીંગ કરવા નહીં દેવાય.
૨. જે સદસ્યો એજીએમમાં હાજરી આપી રહ્યા હશે તેમને બેઠકના સ્થળે મત પત્રકો આપવામાં આવશે, જો કે તેમણે ઈ-વોટીંગથી મતદાન નહીં કર્યું હોય તો જ તેમને મત પત્રકો બેઠકમાં તેમના મતાધિકારના ઉપયોગ માટે આપવામાં આવશે.
૩. એજીએમ શરૂ થતાં પહેલાં જ, જે સદસ્યોએ રીમોટ ઈ-વોટીંગ સુવિધા હેઠળ મતદાન કરી લીધું છે, તેઓ એજીએમમાં ઉપસ્થિત રહી શકશે પરંતુ તેઓ એજીએમમાં ફરીથી મતદાન નહીં કરી શકે.
૪. કટ ઓફ ડેટ તા.૦૩.૦૮.૨૦૧૯ના રોજ જેનું નામ રજીસ્ટર ઓફ મેમ્બર્સમાં નોંધાયેલુ છે અથવા ડિપોઝીટરી દ્વારા જાળવવામાં આવતા રજીસ્ટર ઓફ બેનીફિશ્યલ ઓનરમાં સમાવિષ્ટ છે. ફક્ત તેવા સદસ્યોને જ રીમોટ ઈ-વોટીંગ અથવા એજીએમ સ્થળે વોટીંગની સ